# મોડાસામાં ખુલ્લા મીટર વીજ વાયરો કોઈનો ભોગ લે તે પહેલા તંત્ર આળસ ખંખેરે

## મોડાસા શહેરમાં ઠેર ઠેર વિજતંત્રની બેદરકારીના નમુના



મોડાસા, તા. ૩૧

મોડાસા શહેરમાં વિવિધ વિસ્તારોમાં વિજતંત્ર દ્વારા મીટરો અને વાયરો તેમજ ફ્યુઝ ખુલ્લા મુકી દેવામાં આવ્યા છે. જેના લીધે મોડાસાની જનતાને વિજતંત્રની બેદરકારીના લીધે ગમે ત્યારે કરંટના ઝાટકા ખાવાનો વારો આવી શકે તેમ છે. મોડાસાની જનતા પર ચોમાસામાં કરંટ લાગવાના બનાવ બનવાનો ભય લોકો પર તોળાઈ રહ્યો છે ત્યારે વિજતંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે ખુલ્લા મીટર, વાયરો પર સુરક્ષા વ્યવસ્થા કરી કરંટ ન લાગે તેવી વ્યવસ્થા ઉભી કરવા માંગ ઉઠી છે. મોડાસા શહેરના વિવિધ વિસ્તારોમાં ઉભા કરવામાં આવેલા વિજપોલ પર લગાવામાં આવેલા કેટલાય મીટરો ફ્યુઝ ખુલ્લા મુકી દેવામાં આવ્યા છે જેના લીધે ગમે ત્યારે કોઈ મોટી દુર્ઘટના સર્જાઈ શકે તેમ છે. ચોમાસામાં ખુલ્લા મીટર તેમજ વાયરોને અડી જવાથી અબોલા ઢોરઝાંખરની મોતના કિસ્સા અવારનવાર બનતા હોય છે. ત્યારે હાલ ચોમાસુ શરૂ થયુ છે ત્યારે વિજતંત્ર દ્વારા મોડાસાની આમ જનતાને ભગવાન ભરોસે મુકી દેવામાં આવ્યા હોય તેમ ઠેર ઠેર વિજતંત્રની બેદરકારીના નમુના જોવા મળે છે. ચોમાસામાં પ્રિમોન્સુન કામગીરીની મોટી મોટી વાતો કરતા અધિકારીઓ અને વિજતંત્રને પોતાની બેદરકારી જોવાનો સમય જ ન હોય તેમ શહેરના કેટલાય વિસ્તારોમાં મોતની રાહ જોઈ ઉભા વિજપોલ પર લગાવેલા ખુલ્લા મીટર અને વાયરો તેમજ ફ્યુઝ ગમે ત્યારે નિર્દોષનો ભોગ લે તેવી પરિસ્થિતિ પેદા થઈ છે. મોડાસા શહેરના બસ સ્ટેશન પાસે આવેલા લીઓ પોલીસ ચોકી પાછળ લગાવેલું મીટર ખુલ્લુ છોડી દેવામાં આવ્યું છે. આ વિસ્તાર રાત દિવસ ધમધમતો વિસ્તાર છે ત્યાં જ વિજતંત્રની આવી ગંભીર બેદરકારી જોવા મળી છે. જ્યારે કલ્યાણ ચોકમાં પણ આવી રીતે ફ્યુઝ ખુલ્લા રાખવામાં આવ્યા છે જે ઘણી ગંભીર બાબત છે ત્યારે વિજતંત્ર આળસ ખંખેરી તાત્કાલિક ધોરણે કામગીરી આરંભી સુરક્ષાની વ્યવસ્થા કરે તેવું નગરજનો ઈચ્છી રહ્યા છે.

# ચિત્રોડીની મહિલાને ત્રાસ અપાતા ચાર વિરૂધ્ધ ફરિયાદ

હિંમતનગર, તા.૩૧

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના ચિત્રોડી ગામની એક મહિલાને તેના પતિ, સાસુ, સસરા અને દિયર દ્વારા છેલ્લા એક વર્ષથી ઘરકામ બાબતે ઝઘડો કરી હેરાન પરેશાન કરી ત્રાસ આપી દહેજની માગણી કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા આ મહિલાએ ચારેય જણા વિરૂધ્ધ શનિવારે હિંમતનગર મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ચિત્રોડી ગામના દિપીકાબેન ચેનવાના લગ્ન સુરેશભાઈ પ્રભાભાઈ ચેનવા સાથે કરાયા બાદ છેલ્લા એક વર્ષથી તેઓ અન્ય સ્ત્રી સાથે આડાસબંધ રાખતા હતા અને દિપીકાબેનને અવારનવાર માર મારી ત્રાસ આપતા હતા. જેમાં સાસુ લીલાબેન ચેનવા, સસરા પ્રભાભાઈ જેશીંગભાઈ ચેનવા અને દિયર રોહિતભાઈ ચેનવા સુરેશભાઈને ચઢામણી કરી નવુ બાઈક લાવવા માટે પિયરમાંથી રૂા.૬૦ હજારની માગણી કરી હતી અને જો રૂપિયા નહિ લાવે તો જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવતી હતી. જેથી કંટાળીને દિપીકાબેને ચારેય સાસરીયા વિરૂધ્ધ શનિવારે મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# પાલનપુરના ચિત્રાસણી નજીક ડમ્પરની ટક્કરે બાઈક સવાર ભાઈ-બહેનના ઘટનાસ્થળે મોત

પાલનપુર, તા. ૩૧

પાલનપુર તાલુકાના ગોકુલપુરા ગામની પરિણીતા અને પાલનપુર ઢૂંઢીયાવાડીમાં રહેતા ભાઈ ચન્દ્રકાન્ત આજે પોતાની બેન સપનાને સાસરી ગોકુલપુરાથી પિયર પાલનપુર લઈ આવી રહ્યો હતો ત્યારે ચિત્રાસણી નજીક અચાનક પાછળથી આવી આવી રહેલા અજાણ્યા ડમ્પરે ટક્કર મારી દેતા બાઈકસવાર ભાઈ-બહેનનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. જ્યારે ડમ્પર ચાલક ફરાર થઈ જવા પામ્યો હતો. જો કે ચિત્રાસણી હાઈવે પર આ દર્દનાક અકસ્માતની ઘટના બનતા તાત્કાલિક પાલનપુર પોલીસે ઘટનાસ્થળે આવી મૃતક સપના અને ભાઈ ચંદ્રકાન્તના મૃતદેહોને પી.એમ. અર્થે પાલનપુર સિવિલમાં ખસેડ્યા હતા. પાલનપુર સિવિલમાં મૃતકના સગાઓના ટોળા ઉમટી પડ્યા હતા અને વાતાવરણ ગમગીન બની ગયું હતું. જ્યારે અજાણ્યા ડમ્પરચાલક સામે તાલુકા પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.




# અરવલ્લી જિલ્લાના ત્રિદિવસીય ભાજપ અભ્યાસ વર્ગનું સમાપન

## વિવિધ વિષયો ઉપર વક્તાઓ દ્વારા માર્ગદર્શન અપાયું




સાકરીયા, તા. ૩૧

અરવલ્લી જિલ્લામાં ગત શુક્રવારથી શરૂ થયેલા અરવલ્લી જિલ્લા ભાજપના ત્રિદિવસીય પ્રશિક્ષણ અભ્યાસ વર્ગનું આજે સમાપન થયું હતું. આ નિવાસી વર્ગમાં જિલ્લાના તમામ છ તાલુકા અને બે શહેરો મળી આઠ મંડલોના ૩૦૦થી વધુ અપેક્ષિત કાર્યકર્તાઓએ ૪૮ કલાક દરમિયાન હિંમતનગર ખાતે સ્વામિનારાયણ મંદિરે આ ૪૮ કલાકના અભ્યાસ વર્ગ દરમિયાન ૧૩ જેટલા વિવિધ ચિંતનીય અને મનનીય સત્રોમાં જુદા જુદા વિષયો ઉપર વક્તાઓ દ્વારા માર્ગદર્શન મેળવ્યું હતું.

જેનો પ્રારંભ પ્રદેશ મહામંત્રી ભીખુભાઈ દલસાણીયાએ કરાવ્યો હતો અને આજરોજ સવારે સમાપન સમારોહમાં મીડિયા પ્રબંધન વિષય ઉપર પ્રદેશ મિડીયાના પ્રમુખ ડૉ. હર્ષદભાઈ પટેલે મિડીયાનું મહત્વ સમજાવી કાર્યકર્તાઓને આ વિષે ઉંડુ માર્ગદર્શન આપ્યું હતું. જ્યારે ગૃહ રાજ્ય મંત્રી રજનીભાઈ પટેલે શિબિરનું સમાપન કરતાં મુક્ત ચિંતન અને પાર્ટી ઈતિહાસના વિષયો ઉપર કાર્યકર્તાઓને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

અંતમાં સતત ત્રણ દિવસ અને ૪૮ કલાક સુધી એક જ સ્થળે રોકાઈને અભ્યાસ વર્ગમાં હાજરી આપનાર તમામ કાર્યકર્તાઓનો આભાર માનતા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભીએ માર્ગદર્શનનો પોતાના તાલુકા-ગામ અને બુથ સુધીના કાર્યકર્તાને પણ આ વિવિધ વિષયો ઉપર મેળવેલ માર્ગદર્શનનો મહિમા તેમના સુધી પહોંચાડવા અનુરોધ કર્યો હતો.

અરવલ્લી જિલ્લાના ભાજપના શામળાભાઈ પટેલ સહિત ત્રણ મહામંત્રીઓ, ઉપપ્રમુખ અતુલભાઈ દિક્ષિત સહિતના ઉપપ્રમુખો, પૂર્વ ધારાસભ્ય દિલિપસિંહ, અરવલ્લી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પી. પટેલ સહિત પક્ષના હોદ્દેદારોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# હિંમતનગરમાંથી બે બાઈક ચોરાયા

હિંમતનગર, તા.૩૧

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરના સહકારીજીન રોડ તથા મહાવીરનગરમાંથી બે દિવસમાં બે વાહનની ચોરી થતાં તે અંગેની ફરિયાદ શનિવારે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી.

પ્રથમ બનાવની વિગત એવી છે કે સહકારીજીન રોડ પર આવેલ સુભાષનગર સોસાયટીમાં રહેતા વિજયકુમાર સોમાલાલ ઉપાધ્યાયએ પોતાનું બાઈક નં. જીજે. ૯.એએમ. ૬૨૮૪ પડોશમાં રહેતા મનુભાઈ પટેલના ઘર આગળ પાર્ક કર્યુ હતું. જેની શનિવારે રાત્રે અજાણ્યા શખ્સો ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે વિજયકુમારે રવિવારે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં રૂા.૧૦ હજારનું બાઈક ચોરાયાની ફરિયાદ નોંધાવી હતી.

તેજ પ્રમાણે મહાવીરનગરની મિલન સોસાયટી પાસે આવેલા મેટલ હાઉસ પાસેથી શુક્રવારે રાત્રે અજાણ્યા શખ્સો બાઈક નં.જીજે. ૯. એકે. ૬૭૮૫ની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે ચિરાગકુમાર દીનેશભાઈ કંસારાએ તપાસ કરવા છતાં કોઈ પત્તો ન મળતા તેમણે શનિવારે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.



## મેઘરજમાં રાજપૂત સમાજની બેઠક યોજાઈ

મેઘરજ, તા. ૩૧

મેઘરજ ઘેલીમાતા મંદિરે મેઘરજ તાલુકા રાજપૂત સમાજની મિટીંગ ગત રવિવારના રોજ યોજાઈ હતી. જેમાં સમાજમાં ખાસ કરીને યુવાવર્ગ વ્યસનોથી દૂર રહે તેમજ સમાજમાં શિક્ષણ ક્ષેત્રે યુવાવર્ગ કઈ રીતે સિદ્ધી પ્રાપ્ત કરી શકે તેમજ વિકાસના કાર્યો વિષે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. જેમાં જિલ્લા રાજપૂત સંગઠનના પ્રમુખ કુમારપાલસિંહ જોધ્ધા, ઉપપ્રમુખ ભગીરથસિંહ રાઠોડ, મંત્રી જીતેન્દ્રસિંહ રાઠોડ, શૈલેન્દ્રસિંહ બિહોલા, હિતેન્દ્રસિંહ બિહોલા, ડૉ. શિધ્ધરાજસિંહ તેમજ સમાજના કાર્યકરોની ખાસ ઉપસ્થિતિમાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# હિંમતનગરમાં ચાર સ્થળે સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી ૪.૫૯ લાખની મત્તાની ચોરી

હિંમતનગર, તા.૩૧

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી કાયદો, વ્યવસ્થા કથળી રહી હોવા છતાં જિલ્લા પોલીસવડા સબ સલામતીની ગુલબાંગ પોકારે છે ત્યારે હિંમતનગર સહિત જિલ્લાના અનેક ઠેકાણે તસ્કરોએ જાણે કે પોલીસને પડકારી હોય તેમ ઘરફોડ અને વાહન ચોરીની ઘટનાઓને અંજામ આપી રહ્યા છે ત્યારે શનિવારે અને રવિવારે તસ્કરોએ ત્રણ સ્થળે રોકડ, સોના-ચાંદીના દાગીના મળી રૂા.૪.૫૦ લાખથી વધુની મત્તાની ચોરી કરીને પડકાર ફેંકયો છે. ઉપરાંત એક અઠવાડિયા અગાઉ પણ આ તસ્કર ટોળકીએ એક મકાનમાં ચોરી કરી હતી. ચોરીની ઘટનાઓ અંગે શનિવારે અને રવિવારે સ્થાનિક પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. જોકે પોલીસે તબેલામાંથી ઘોડા ભાગી ગયા બાદ ઘટના અંગે ખબર પડતા ડોગ સ્કવોર્ડ, એફએસએલની મદદ લઈ ચોરીનું પગેરૂ શોધવાની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ હિંમતનગરના આકાશવાણી કેન્દ્ર પાસે ગણેશ બંગ્લોઝમાં આવેલ મકાન નં.૮૧માં રહેતા નરેન્દ્રભાઈ ઈશ્વરભાઈ પંચાલના મકાનમાં શુક્રવારે રાત્રે અજાણ્યા શખ્સોએ પ્રવેશ કરી તિજોરીમાં મુકેલ રૂા.૩ હજાર રોકડ તથા રૂા.૮૦ હજારના સોના-ચાંદીના દાગીના, મોબાઈલ અને બાઈક નં.જીજે.૬.બીએન.૧૫૪૭ મળી રૂા.૯૨,૫૦૦ની મત્તા ચોરી કરીને ભાગી ગયા હતા. જે અંગે નરેન્દ્રભાઈ પંચાલે શનિવારે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ચોરીની અન્ય ઘટનાની વિગત મુજબ હિંમતનગરના શંકરનગર સોસાયટીમાં રહેતા જીગરભાઈ મનહરભાઈ વખારીયા શનિવારે તેમના પત્નિ તથા પુત્ર સાથે ખેડબ્રહ્મા ખાતે રહેતા તેમના સાળા મિતુલકુમાર અમૃતલાલ શાહને મળવા ગયા હતા ત્યારે અજાણ્યા શખ્સોએ તેમના ઘરમાંથી રૂા.૨.૮૨ લાખની મત્તાની ચોરી કરી ભાગી ગયા હતા. જે અંગે તેમણે રવિવારે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવાયા મુજબ તસ્કરો રૂા.૩૦ હજાર રોકડ તથા દાગીના ચોરી કરી લઈ જઈ ઘરવખરી રફેદફે કરી નાખી હતી.

ચોરીની વધુ એક ઘટના હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ કોટીયાર્ક સોસાયટી પાછળ આવેલ ગોપાલકુંજમાં રવિવારે ભર બપોરે બનવા પામી હતી. જેની વિગત એવી છે કે ગોપાલકુંજમાં રહેતા રતિલાલ.ડી.પરમારના મકાનમાં અજાણ્યા તસ્કરોએ બંધ મકાનમાં પાછળનો દરવાજો તોડી અંદર પ્રવેશી ધોળે દહાડે ત્રણ તોલાના બે સોનાના દોરા, સોનાની વીંટી, એક જોડ બુટ્ટી, એક જોડ સેર, ૧૫ રાણીછાપના સિક્કા, સોનાનો ઘોડો તથા ગળામાં પહેરવાના ત્રણ ચાંદીના સેટ અને રૂા.૫ હજાર રોકડ મળી રૂા.૮૪,૫૦૦ની મત્તા ચોરી કરીને બિંદાસ્ત ભાગી ગયા હતા. જે અંગે તેમણે તરત જ હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

તેજ પ્રમાણે સહકારીજીન વિસ્તારમાં આવેલ રાજતિર્થ સોસાયટીમાં મકાન નં.૩૯/૨માં રહેતા મિતેષકુમાર રમેશભાઈ પટેલના મકાનમાંથી ગત તા.૨૪ જુલાઈના રોજ અજાણ્યા શખ્સોએ પ્રવેશ કરી ઘરમાંથી સોનાની બુટ્ટી, રૂા.૭ હજાર રોકડા, કેમેરો મળી રૂા.૧૬ હજારની મત્તા ચોરી કરીને લઈ ગયા હતા. જે અંગે વદરાડ ગામના મિતેષકુમાર પટેલે શનિવારે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# વડતાલમાં પંડિત દીનદયાલ ઉપાધ્યાય પ્રશિક્ષણ મહાઅભિયાન અંતર્ગત શિક્ષણાર્થીઓને માર્ગદર્શન અપાયું

નડીયાદ, તા. ૩૧

રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે આજે વડતાલ ખાતે પંડિત દીનદયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ મહા અભિયાન-૨૦૧૬




હેઠળ આયોજિત વડોદરા અને અમદાવાદ મહાનગર પ્રશિક્ષણ વર્ગોમાં લોકકલ્યાણના એકમાત્ર ધ્યેય સાથે કાર્યરત રાજ્ય સરકાર દ્વારા તમામ ક્ષેત્રોમાં થઈ રહેલી સંવેદનાસભર અને નમૂનેદાર કામગીરીથી લોકોને અસરકારક રીતે વાકેફ કરવાનું અને લોકો સાથેના સંવાદ અને મનોમંથનને આધારે સરકારને લોકકલ્યાણના નવા વિચાર અને સંભવિત યોજનાઓની રૂપરેખા આપવાનું તલસ્પર્શી માર્ગદર્શન આપ્યું હતું.

રાજ્ય સરકારે આરોગ્ય, શિક્ષણ, મહેસુલ, માર્ગ નિર્માણ, જળ વ્યવસ્થા, વિકલાંગ કલ્યાણ સહિતના તમામ ક્ષેત્રોમાં સંવેદનાઓની અનુભૂતિને આધારે વહિવટનું શક્ય તેટલું સરળીકરણ કરવાની સાથે લોકકલ્યાણની સંખ્યાબંધ બહુઆયામી યોજનાઓ બનાવી છે તેનો સાર્થક અમલ કર્યો છે, તેની જાણકારી સચોટ ઉદાહરણો સાથે આપતા જણાવ્યું હતું કે સંવેદનશીલ સરકાર જ આટલા મોટા પાયા પર લોકકલ્યાણની અતિવ્યાપક કામગીરી કરી શકે. તેમણે ભારતીય જનતા પક્ષનો પ્રત્યેક કાર્યકર ભેખ ધરીને લોકો માટેની યોજનાઓને ઘેર ઘેર અને જન-જન સુધી પહોંચાડે અને લાયક લાભાર્થીઓને તેનો લાભ લેવા ઉત્પ્રેરીત કરે તેવો ખાસ અનુરોધ કર્યો હતો.

સામુહિકતાની શક્તિને પારખો એવી ટકોર કરતા મુખ્યમંત્રીએ કોઈપણ બાબત કે સમસ્યાના નિરાકરણનો એકમતીથી વિચાર કરવા અને ટીમવર્કને જ વિકાસનો નારો બનાવવા આહ્વાન કર્યું હતું. તેમણે રીડેવલપમેંટના અમલીકરણ આડેના અવરોધોના નિવારણનો અભ્યાસ કરવાની ભલામણ સાથે જણાવ્યું હતું કે માર્જીનની જગ્યાને જમીનના માપ સાથે જોડતા સુધારાનો સૈદ્ધાંતિક નિર્ણય લેવામાં આવ્યો છે. તેમણે વડોદરા અને અમદાવાદ મહાનગરોના વિશિષ્ઠ પ્રશ્નોના સંદર્ભમાં માર્ગદર્શન આપ્યું હતું.

વડોદરા મહાનગર પ્રશિક્ષણ વર્ગના સત્રાધ્યક્ષ સાંસદ રંજનબેન ભટ્ટે સહુને આવકારવાનીસાથે મુખ્યમંત્રીની યશસ્વી કારકિર્દીની જાણકારી આપી હતી. મેયર ભરત ડાંગર, સાંસદ દેવુસિંહ ચૌહાણ, ધારાસભ્યો, પક્ષના રાજ્ય અને મહાનગર પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ડૉ. કેશુભાઈ દેસાઈ આણંદ આર્ટસ કોલજ આણંદ ખાતે બાબુ દાવલપુરા વ્યાખ્યાન આપશે

આણંદ, તા. ૩૧

તા. ૨ ઓગષ્ટ, ૨૦૧૬ના રોજ જાણીતા સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈ પ્રખર વિવેચક પ્રો. બાબુભાઈ દાવલપુરાની સ્મૃતિમાં આયોજિત બાબુ દાવલપુરા વ્યાખ્યાનમાળાનું એમના અવસાન પછીનું પ્રથમ વ્યાખ્યાન આપશે. આ વ્યાખ્યાનનો વિષય છે : 'મારી સર્જન પ્રક્રિયા અને સર્જન યાત્રા' કોલેજના કાર્યકારી પ્રિન્સિપાલ ડૉ. નીના જોશી ડૉ. કેશુભાઈ દેસાઈનો સાહિત્યિક પરિચય અને સ્વાગત પ્રવચન કરશે તથા જાણીતા વિવેચક ડૉ. ગુણવંત વ્યાસ કાર્યક્રમનું સંચાલન કરશે.

## દામાવાસમાં મહિલાની છેડતીનો પ્રયાસ

હિંમતનગર, તા.૩૧

સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના દામાવાસ કંપા ખાતે રહેતા રજીબેન કાન્તીભાઈ પારઘીને ગત તા.૨૬ જુલાઈના રોજ પ્રકાશભાઈ શ્રવણભાઈ વણઝારા જીપમાં બેસાડી પરિચય આપી તેણીને નોકરીવાળી જગ્યાએ લઈ જઈને બિભત્સ માગણી કરી છેડતી કરવાનો પ્રયાસ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી રજીબેન પારઘીએ પ્રકાશભાઈ વણઝારા વિરૂધ્ધ શનિવારે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## ખેડબ્રહ્મામાં અસ્થિર મગજની યુવતી પર દુષ્કર્મ

હિંમતનગર, તા.૩૧

સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મામાં છએક માસ અગાઉ એક ૨૦વર્ષની અસ્થિર મગજની યુવતી પર અજાણ્યા શખ્સે એકલતાનો લાભ લઈને દુષ્કર્મ ગુજાર્યુ હતું. જે અંગે ખેડબ્રહ્માની જુની મામલતદાર કચેરીની બાજુમાં રહેતા ભુપેન્દ્રકુમાર કનુભાઈ પટેલે અજાણ્યા શખ્સ વિરૂધ્ધ શનિવારે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.



## વડવાસા પ્રા. શાળામાં વૃક્ષારોપણ કરાયું

પ્રાંતિજના વડવાસા ખાતે આવેલ વડવાસા પ્રાથમિક શાળામાં શાળાના કંપાઉન્ડમાં પ્રાંતિજ જાયન્ટસ ગૃપ સહિયોગથી શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વડવાસાના સરપંચ વિનુભાઈ પટેલ, જાયન્ટસ ગૃપના પ્રમુખ રાજેશ ટેકવાણી, વ્રજેશ ભાવસાર, શાળાના આચાર્ય પી.આર. બારોટ, વર્ષાબેન ભાવસાર તથા શાળા પરિવાર દ્વારા ૫૦ જેટલા આયુર્વેદિક વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

## પોશીના સી.આર.સી. ભવનમાંથી રૂા.૧૬ હજારની મત્તા ચોરાઈ

હિંમતનગર, તા.૩૧

સાબરકાંઠા જીલ્લાના પોશીના ખાતે આવેલ સી.આર.સી. ભવનમાંથી શુક્રવારે રાત્રે અજાણ્યા શખ્સોએ દરવાજાનો નકુચો તોડી રૂમમાં પ્રવેશ કરી મોનીટર, બે સીપીયુ અને ત્રણ બેટરી મળી રૂા.૧૬ હજારની મત્તાની ચોરી કરી ભાગી ગયા હતા. જે અંગે રમેશભાઈ અંબાલાલ ઠાકરડાએ શનિવારે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ પોશીના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.